શામળાજીમાં ટાઉન પ્લાનિંગની ખોરંભે ચડેલી કામગીરી સામે સજ્જડ બંધ

શામળાજી, તા. ૧

વિકાસના નામે ૨૦૧૧માં ટાઉનપ્લાનિંગ હેઠળ ૩૦૦થી વધુ દુકાનો અને ૧૫૦ મકાન તોડી પાડી આગળ કામગીરી ન થતા લોકોના ધંધા રોજગાર છીનવાતા અને બેઘર બનતા લોકોએ સજ્જડ બંધ પાડી વિરોધ નોંધાવ્યો હતો.

યાત્રાધામ શામળાજી ખાતે ટાઉન પ્લાનિંગ યોજનાનું કામ ચાલુ કરાયા બાદ બંધ કરી દેવામાં આવતા ગ્રામજનોમાં વિકાસના પોકળ દાવા વચ્ચે જીવનનિર્વાહ ચલાવવા અને રહેણાંક ઘરો છીનવાતા સરકારની બેધારી નીતિ સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો અને ગુરુવારે શામળાજીમાં સજ્જડ બંધ પાળી સરકારની બેધારી નીતિ સામે બેનરો પ્રદર્શિત કરી સૂત્રોચ્ચાર કરી

ન્યાયની માંગ કરી હતી.

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીના વિકાસ માટે રાજ્ય સરકારના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા સને ૧૯૮૪મા ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૧ અમલમાં મુકવામાં આવી હતી. આ યોજના બનાવાઈ ત્યારથી યોજનામાં સ્થાનિક આદિવાસીઓ અને રહીશોના જમીનોના પ્રશ્નોને કારણે વર્ષો સુધી આ યોજનાનું અમલીકરણ થઈ શક્યું ન હતુ. ત્યારે ૨૦-૦૪-૨૦૧૧મા જિલ્લા વહીવટીતંત્ર દવારા આ યોજનાનું અમલીકરણ કરવાના નેજા હેઠળ સ્થાનિક રહીશોના મકાનો અને દુકાનો તોડી પાડવામાં આવતા અનેક લોકો બેઘર અને બે રોજગાર બની ગયા હતા. બીજી બાજુ સ્થાનિકો અન્યાયને લઈ નામદાર હાઈકોર્ટમાં ગયા હતા. જેમાં નામદાર હાઈકોર્ટે આ યોજનામાં થયેલા અન્યાય સુધારી યોજના વેરીડ કરવાનો આદેશ કર્યો હતો. પરંતુ બે વર્ષ કરતા વધું સમયગાળો પૂર્ણ થવા છતાં પણ જવાબદાર તંત્ર દ્વારા કોઈજ કાર્યવાહી કરાઈ નથી જેને કારણે સ્થાનિક રહીશો અને વેપારીઓની હાલત કફોડી બની છે. જેથી વર્ષોથી વિકાસથી વંચિત લોકોએ આજે શામળાજી બજાર સજ્જડ બંધ પાડી ગુરુવારે વિરોધ વ્યક્ત કર્યો હતો અને આગામી સમયમા ટાઉનપ્લાનિંગ હેઠળ કામ ઝડપથી શરુ નહિ કરાય અને શામળાજીના ગ્રામજનોને ન્યાય નહીં મળે તો ગામલોકો ગાંધી ચિંધ્યા માર્ગે જઈ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

ડીસામાં ગરીબ યુવક સાથે ધોળા દિવસે લૂંટ : પોલીસના નિષ્ક્રિયતા

ડીસા

બનાસકાંઠા ડીસા શહેરમાં બે દિવસ પૂર્વે ધોળા દિવસે એક ગરીબ યુવકને મેલું સૂંઘાડી લૂંટી

લેવાતા ચકચાર મચી છે. જોકે આ યુવકને સાથે રાખી તપાસનો તમાશો કરી રહેલી પોલીસ ધોરણસરની ફરિયાદ લેવામાં આનાકાની કરી રહી હોઈ પીડિતના પરિવારજનોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ડીસા શહેરના રેલવે સ્ટેશન નજીક ઢુવા રોડ પર વડતળાવ વિસ્તારમાં રહેતો અને ગેરેજમાં કામ કરતો ગોવિંદ ભરતભાઈ લોધા નામનો યુવક બુધવારે સવારે સરદાર બાગ નજીકથી પસાર થઈ રહ્યો હતો એ વખતે બે અજાણ્યા ઈસમો આ યુવકને મામલતદાર કચેરી રોડ પર લઈ જઈ ધાકધમકી આપી તેની પાસેથી મોબાઈલ ફોન, સોનાની ચેઈન, ચાંદીની વીંટી તેમજ પાંચ હજાર રૂપિયાની રોકડ રકમ લૂંટી લઈ ફરાર થઈ ગયા હતા. આ ઘટનાથી ડઘાઈ ગયેલ યુવકે પોતાના પરિવારજનોને બનાવની જાણ કર્યા બાદ ડીસા દક્ષિણ પોલીસ મથકમાં રજુઆત કરી હતી. આ મામલે પોલીસે પીડિત યુવકને સાથે રાખી તપાસ પણ શરૂ કરી હતી. જોકે આ ઘટનાને ૩૦ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં પોલીસ ફરિયાદ નોંધવામાં આનાકાની કરી રહી છે જેથી પીડિત યુવકના પરિવારજનોમાં રોષની લાગણી કજોવા મળી રહી છે.

ઊંઝા-ઉનાવા વિસ્તારમાં પોલીસની નિષ્ક્રિયતા સામે ઉગ્ર આક્રોશ

ઊંઝા, તા. ૧

વેપારીમથક ઊંઝા અને નજીકના યાત્રાસ્થળ ઉનાવા પોલીસ મથકોની હદમાં છેલ્લા ઘણા વખતથી પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂદ્ધના ગંભીર પ્રકારના ગુનાઓ તેમજ સમાજ વિરોધી પ્રવૃત્તિઓનો વ્યાપ વધી જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન ખાડે ગઈ હોવાનો લોકપોકાર ઉઠ્યો છે.

વેપારીમથક અને યાત્રાધામ ઊંઝા શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસતંત્રની શિથિલતાના કારણે લૂંટ, ઘરફોડ ચોરીઓ, વાહનચોરીઓ, મહાવ્યથા જેવા ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આવી જ સ્થિતિ ઊંઝા નજીકના ઉનાવા વિસ્તારની છે. ઊંઝા અને ઉનાવા પોલીસમથકોની હદમાં દારૂ, જુગારના અડ્ડાઓ, કેફી પદાર્થોનું વેચાણ તેમજ અન્ય સમાજ વિરોધી બદીઓ અનિયંત્રિતપણે ચાલી રહી હોવાનું ચર્ચાય છે. ગુજરાતમાં દારૂબંધી છે. તેમ છતાં આ વિસ્તારોમાં દારૂબંધીની નીતિનું ક્રૂર છેદન થઈ રહ્યું છે. બંને યાત્રાસ્થાનોના ચોક્કસ વિસ્તારોમાં તેમજ મોટાભાગના ગામડાઓમાં દેશી વિદેશી દારૂની લે વેચ અને પીવાની પ્રવૃત્તિ બેરોકટોક ચાલતી હોવાનું કહેવાય છે. આ બદીમાં યુવાધન, ગરીબ શ્રમિક વર્ગના માણસો સહિત કેટલાયે માનવીઓ પાયમાલીના પંથે જઈ રહ્યા છે.

આ વિસ્તારમાં ફૂલીફાલેલી ગેરકાયદે બદીઓ વિશે પોલીસતંત્રને માહિતી છે. પરંતુ કથિત તગડા હપ્તાઓના પ્રતાપે તંત્ર દ્વારા કોઈ કડક પગલાં ભરાતાં નથી તેવો આક્ષેપ પ્રજામાં થઈ રહ્યો છે. આ વિસ્તારમાં દેશી દારૂનું ઉત્પાદન અને પરપ્રાંતમાંથી વિદેશી દારૂની જે આયાત થાય છે તેની તુલનામાં દારૂ પકડવાની કામગીરી નહિવત હોવાનું ચર્ચાય છે.

પાલનપુર પોલીસે ચોરીના રવાડે ચઢેલા ઉચ્ચ અભ્યાસના ચાર વિદ્યાર્થીને ઝડપી પાડ્યા

પોલીસે ૧૩ એક્ટિવા અને ૧ મોટર સાયકલ કબ્જે કરી

૧૨ સાયન્સ અને એલ.એલ.બી ના વિદ્યાર્થીઓ પોતાના મોજશોખ પુરા કરવા માટે ચોરીના રવાડે ચઢ્યા

હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. એલ.સી.બી પોલીસ એ ચાર વિદ્યાર્થીઓ પાસેથી ૧૩ એક્ટિવા અને ૧ મોટર સાયકલ કબ્જે કરી છે.

આમતો ઉચ્ચ શિક્ષણમાં પોતાની કારકિર્દી ને પણ ભૂલી જતા હોય છે. આ ચોરીની ઘટનાની વિગત કઈક એવી છેકે પાલનપુર શહેરમાં એરોમા સર્કલ વિસ્તારમાં આજે વાહન ચેકીંગ દરમ્યાન એલ.સી.બી પોલીસને પાટણ પાર્સિંગના બાઈક ચાલકને પૂછપરછ કરતા આખી ચોરી ની ઘટના પ્રકાશમાં આવી હતી. જેમાં ચોરી કરનાર આરોપી પાટણના રહેવાસી જયેશ માજીરાણા, મિતુલ યોગી, આસિફખાન બલોચ તેમજ ડીસા ઉમિયાનગર સોસાયટીના રહેવાસી વિજય રતિલાલ મોદી ની એલ.સી.બી પોલીસે ઝડપી પાડી કડક તપાસ હાથ ધરતા તેમને અમદાવાદ, પાટણ, મહેસાણા અને ઊંઝા માં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. આરોપીઓ પાસેથી પોલીસે ૧૩ એક્ટિવા અને ૧ મોટર સાયકલ કબ્જે કરી કુલ ૫ લાખ ૮૦ હજાર નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોતાના મોજશોખ ભરી જીંદગી જીવવા ટેવાયેલા આ વિદ્યાર્થીઓ ટુ-વહીલર ની ચોરી કરવામાં પણ ભેજાબાજ હતા. પાન ના ગલ્લા પર વાહનમાં ચાવી ભરાવીને જતા લોકોની એક્ટિવાની ગણતરીના સમયમાં ચોરી કરીને ફરાર થઈ જતા હતા અને સસ્તા ભાવે વેચી દઈ મળેલી રકમમાં મોજશોખ માં વાપરી દેતા હતા.

હિંમતનગરમાં કોંગ્રેસ ઉમેદવારના ઘરે પોલીસ રક્ષણ

ઉમેદવારે રીકાઉટીંગ માટે હાઈકોર્ટમાં ઘા નાખી : હિંમતનગરના કેટલાક શખ્સો ઘરે આવી ધમકી આપી ગયા હોવાનો આક્ષેપ

હિંમતનગર, તા. ૧

તાજેતરમાં વિધાનસભાની હિંમતનગર બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉભા રહેલા અને ચૂંટણીમાં હારી ગયેલા ઉમેદવારના ઘરે બુધવારે સાંજના સુમારે હિંમતનગરના કેટલાક શખ્સો આવીને ધમકી આપી જતા આ અંગે તેમણે પોલીસમાં જાણ કરતા પોલીસ દ્વારા તેમના હિંમતનગર ખાતે આવેલ નિવાસસ્થાને પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. બીજી તરફ કોંગ્રેસના આ હારેલા ઉમેદવારે બુધવારે મતગણતરી ફરીથી કરવા માટે હાઈકોર્ટમાં ઘા નાખી છે જેને લીને હિંમતનગરના રાજકારણમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર બેઠક પર કોંગ્રેસમાં કમલેશભાઈ પટેલને ટીકીટ મળતા તેઓ ભાજપના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડા સામે પુરી તાકાતથી ચૂંટણી જંગમાં ઉતર્યા હતા. પ્રચાર દરમ્યાન બંને પક્ષે થયેલા જોરદાર આક્ષેપ બાદ પણ ભાજપના ઉમેદવાર પાતળી બહુમતીથી વિજયી બન્યા હતા. જોકે પરિણામ જાહેર થયા બાદ કોંગ્રેસના ઉમેદવારે રીકાઉટીંગની માંગણી કરી હતી. પરંતુ તેમની માંગણીને વહીવટીતંત્રે ગ્રાહ્ય રાખથી ન હતી. અને ભાજપના ઉમેદવારને વિજયી જાહેર કરી દીધા હતા.

દરમ્યાન બે દિવસ અગાઉ અખબારોમાં ગુજરાતના બે ધારાસભ્યોએ ચૂંટણીપંચની ખર્ચ મર્યાદા કરતા વધુ ખર્ચ કર્યો હોવાના અહેવાલ પ્રસિદ્ધ થયા હતા. જેમાં હિંમતનગર બેઠક પરથી ચૂંટાયેલા ધારાસભ્યનું નામ સામેલ હતુ. બીજી બાજુ બુધવારે કોંગ્રેસના હારી ગયેલા ઉમેદવાર કમલેશભાઈ પટેલના હિંમતનગર સ્થિત મહાવીરનગર વિસ્તારમાં આવેલ ગંગાપૂજન સોસાયટીમાં રહેતા હોવાથી બે વાહનમાં કેટલાક શખ્સોએ બુધવારે સાંજના સુમારે આવીને ધમકી આપી હતી. જો કે કમલેશભાઈ ફરીથી મતગણતરી માટે હાઈકોર્ટમાં રીટ કરવા ગયા હતા ત્યારે તેમને આ અંગે ખબર પડતા તરત જ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ત્યારબાદ પોલીસે કમલેશભાઈના નિવાસસ્થાને પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હોવાનું કમલેશભાઈ પટેલનું કહેવુ છે.

હિંમતનગરમાં ચૂંટણી બાદ ઉભા થયેલા રાજકીય વિવાદને લઈ સ્થાનીક રાજકારણ ગરમાયુ છે. જેથી હવે પછી આ વિવાદમાં કેવો વળાંક આવે છે તે અંગે હાલના તબક્કે કઈ પણ કહેવુ વહેલુ લેખાશે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે લક્ષ્મીયાગ હવનનો ધાર્મિક કાર્યક્રમ યોજાયો

ધનસુરા ખાતે મામલતદાર રોડ ઉપર આવેલ ભક્તિ કુટીરમાં શ્રી લક્ષ્મીયાગ યજ્ઞનું સુંદર આયોજન થયુ હતું. જેમાં ૫૦ થી વધુ ભક્તગણ યજ્ઞમાં બેઠા હતા. આ યજ્ઞમાં નડિયાદના મહંત ભગવતીપ્રસાદ કેશવદાસ (કેશર ભવાની નડિયાદ) હાજર રહી સર્વ ભક્તજનોને આશિર્વાદ આપ્યા હતા. આ યજ્ઞમાં ભક્તિ કુટીરના પ્રવિણભાઈ ગોર તેમજ નમનભાઈ ગોરની વિશેષ ઉપસ્થિતી હતી. યજ્ઞનું સુંદર આયોજન કૃષ્ણકાન્ત ગોર, શકુંતલાબેન ભાવસારે સુંદર આયોજન કર્યું હતું. સર્વધર્મ પ્રેમી જનતાએ આ ભક્તિયોગમાં હાજરી આપી હતી.

બાઈકચાલકની દાદાગીરી : બસ ડ્રાઈવરને માર મારતા ફરીયાદ

હિંમતનગર, તા. ૧

હિંમતનગર-વિજાપુર રોડ પર આવેલ લાલપુર ગામની સીમમાં એક બાઈક ચાલકે બુધવારે વિનાવાંકે બસ ડ્રાઈવરને માર મારી ગાળો બોલી કપડા ફાડી નાખ્યા હતા. જેથી બસ ડ્રાઈવરે સરકારી કામગીરીમાં રૂકાવટ ઉભી કરવા બદલ બાઈકચાલક વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે પ્રવિણભાઈ મેઘાભાઈ ગેલાતે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેઓ બસ લઈને બુધવારે લાલપુર ગામની સીમમાં આવેલ એક હોટલ આગળ બસને ઉભી રાખી હતી. દરમ્યાન હિંમતનગરના માળીયા છાપરીયા વિસ્તારમાં રહેતા અશોકભાઈ મફાભાઈ મકવાણાએ પોતાનુ બાઈક નં. જીજે.૯.એએસ.૧૧૦ને સામેથી ચલાવી ગફલત કરતા તેઓ બસ આગળ પડી ગયા હતા.

ત્યારબાદ તેણે કારણ વગર ઉશ્કેરાઈ જઈ પ્રવિણભાઈ ગેલાતને ડ્રાઈવર કેબીનમાંથી અકસ્માત કર્યો ન હોવા છતાં ફેટ પકડી નીચે ઉતારી ગાળો બોલી લાફો મારી દીધો હતો. અને ટીશર્ટ પણ ફાડી નાખી સરકારી ફરજ દરમ્યાન ખોટી રીતે રૂકાવટ ઉભી કરી હતી. જેથી પ્રવિણભાઈ ગેલાતે અશોકભાઈ મકવાણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

મોડાસાના લક્ષ્મી શોપિંગ સેન્ટરમાં ૩ દુકાનોમાંથી બિલ વગરના પંદર મોબાઈલ કબ્જે કરાયા

ચોરીના મોબાઈલ માટે દેશ જ નહિ વિદેશમાં પણ પંકાયેલા મોડાસાના લક્ષ્મી શોપીગ સેન્ટર

આસપાસ આવેલ મોબાઈલની દુકાનોમાં મંગળવારના રોજ સાંજના સુમારે મોડાસા ટાઉન પોલીસે રેડ કરી બિલ વગરના ૧૫ મોબાઈલ જપ્ત કર્યાછે. કિંમત ૮૩૦૦૦ હજાર થાય છે. જેમાં વિવિધ કંપનીઓના યુઝડ અને બોક્ષપેક મોબાઈલનો જથ્થો ઝડપાયો હતો.

મોડાસાના લક્ષ્મી શોપિંગ સેન્ટરમાં આવેલી મોબાઈલની દુકાનોમાં ટાઉન પોલીસે રેડ કરતા ગેરકાયદેસર મોબાઈલ વેંચતા વેપારીઓમાં દોડધામ મચી હતી. મોડાસા ટાઉન પોલીસની તપાસમાં નકીમ હુશેન મહમદ સલીમ જેથરાની લક્ષ્મી શોપીગ સેંટરમાં આવેલ એસેંટ મોબાઈલમાંથી રૂ. ૨૫૫૦૦ના ૫ મોબાઈલ, દાદુ શોપીગ સેંટરમાં આવેલ સરફરાજ અબ્દુલ સત્તાર ખાનજીની મોબાઈલ ગેલેરીમાંથી રૂ. ૧૭૦૦૦ના ૪ મોબાઈલ, અને ફૈઝાન કોમપ્લેક્ષમાં અલ્ફેજ રહેમાન સુથારની યુ.કે મોબાઈલમાંથી રૂ. ૪૩૦૦૦ના ૫ મોબાઈલ એમ કુલ ૮૫૫૦૦ના મોબાઈલ જપ્ત કરી કલમ ૪૧ મુજબ કાર્યવાહી હાથ ધરી હતી અને જો આ દુકાનદારો સદર મોબાઈલના બિલ રજુ નહિ કરે તો વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પોલીસ દ્વારા અવારનવાર આ શોપીગમાં રેડ પાડી બિલ વગરના મોબાઈલ જપ્ત કરવામાં આવે છે પરંતુ બે નંબરી મોબાઈલનો કારોબાર કરનાર વેપારીઓ બેખોફ બની ગયા હોવાથી પોલીસ અને કાયદાનો કોઈ ડર ના હોય તેમ બિન્દાસ્ત જણાતા હતા.

મુન્શીવાડા પ્રાથમિક શાળાનો એક દિવસીય પ્રવાસ ઉજવાયો

મોડાસા તાલુકાની મુન્શીવાડા પ્રાથમિક શાળાનો એક દિવસીય પ્રવાસ યોજાઈ ગયો. શાળાના છાત્રોએ અક્ષરધામ, સાયન્સસીટી તેમજ કાંકરીયા જેવા સ્થળોની મુલાકાત લીધી અને પ્રવાસની મોજ મજા માણી હતી. પ્રવાસનો ખર્ચ શાળાના આચાર્યા બહેન હસ્મિતાબેન એન. પટેલે આપ્યો હતો. શાળાના છાત્રો, ગ્રામજનોએ અને એસ. એમ.સી.ના સભ્યોએ આચાર્યાબેનનો આભાર માન્યો હતો.

મોડાસા તાલુકાન અર્બન હેલ્થ સેન્ટર ખાતે જીલ્લા કલેકટર શાલીની અગ્રવાલ અને જીલ્લાના આરોગ્ય અધિકારી-ડોક્ટર અમરનાથ વર્માએ બાળકોને પોલીયોની રસી પીવડાવી હતી. જીલ્લામાં એક લાખ પંદર હજાર સત્યાસી બાળકોને પોલીયોનો ડોઝ પીવડાવાયો હતો. મૉલમાં મેલા ટોલનાકા તથા વિવિધ ઠેકાણે ઊભા કરાયેલ બૂથમા ૨૬૩૦ બાળકોને પોલીયોની રસી પીવડાવી હતી.

મહિલાઓ માટે કેન્સરના રોગના નિદાન માટે ખાસ કેમ્પનું આયોજન

૪ ફેબ્રુઆરીએ વિશ્વમાં કેન્સર દિવસની ઉજવણી કરવામાં આવે છે. લોકોમાં આ રોગ વિશે જાગૃતતા આવે તેમજ સચોટ નિદાન થાય તે હેતુથી સરકારશ્રી અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા આ દિવસની ઉજવણી કરાય છે. મહેસાણામાં ૩ ફેબ્રુઆરીએ શનિવારના રોજ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ અને ગુજરાત કેન્સર ઈન્સ્ટીટ્યુટ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે મહિલાઓને થતા કેન્સરના રોગોના નિદાન માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ૩ ફેબ્રુઆરીએ સવારે ૧૦ થી ૩-૩૦ કલાક સુધી જનરલ હોસ્પિટલ મહેસાણા ખાતે આ કેમ્પ યોજાશે જેમાં મહિલાઓને કેન્સરનું નિદાન માલુમ પડશે તો તમામ પ્રકારની સારવાર અને ઓપરેશન વિનામુલ્યે કરી આપવામાં આવશે. આ કેમ્પમાં પેપટેસ્ટ,ગર્ભાશયના મુખના કેન્સર, મેમોગ્રાફી, સ્તન કેન્સર સહિતનું નિદાન અને સારવાર કરવામાં આવશે.

ઠંડી વધતા પાલનપુરમાં તસ્કર ટોળકી સક્રિય

જીલ્લા મથક પાલનપુર શહેરમાં આવેલ જુના કોલેજ કમ્પાઉન્ડ માં આવેલ જામબાઈની વાડીમાં રહેતા ફતુભાઇ રાજવાણીના રહેણાંક મકાનમાં તસ્કરોએ તિજોરી સાફ કરી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ સહિત અંદાજીત ૩ લાખની ચોરી કરી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. બે માળના મકાનમાં રાત્રે પ્રથમ માળે સુતેલા મકાન માલિકને સવારે ઉઠ્યા ત્યારે માલુમ પડ્યું હતું કે ચોરો એ સોના-ચાંદી ના દાગીના તેમજ રોકડ રકમ સહિત અંદાજીત ૩ લાખ લઈ તિજોરી સાફ કરવામાં સફળ રહ્યા હતા. ચોરીની ઘટના ની જાણ પોલીસને કરતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ડોગ સ્કવોર્ડની અને એફ.એસ.એલ.ની મદદથી વધુ તપાસ હાથ ધરી હતી.